**<u>પ્રકરણ-૧૭</u>**

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ) મુજબ દર વર્ષે પ્રકાશિત કરવાની થતી પોલીસ કમિશનરશ્રીની કચેરી, રાજકોટ શહેરની ઉપરોક્ત માહિતી તા.૧૬/૦૬/૨૪ ની સ્થિતિએ અધ્યતન કરવામાં આવેલ છે તથા જાહેર જનતા હિતમાં આ માહિતીને સરળતાથી વાંચી અને સમજી શકે તે હેતુથી સરકારશ્રીની વેબસાઇડ પર પુસ્તીકા/પી.ડી.એફ સ્વરૂપમાં વિજાણું માધ્યમથી રજુ કરવામાં આવેલ છે.

નાગરીકો દ્વારા આ માહિતી(મેળવવાનાં) અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઇઓ મુજબની માહિતી મેળવવા નિયત નમુનામાં અથવા સાદી અરજી જાહેર માહિતી અધિકારીને કરી તેઓ પાસેથી માહિતી મેળવી શકાશે. જેમાં સરકારશ્રી દ્વારા નક્કી કરેલ ફી ભરવાની રહેશે. બી.પી.એલ કાર્ડ ધારક અરજદારોએ ફી ભરવાની રહેતી નથી. પરંતુ બી.પી.એલ. કાર્ડની પ્રમાણીત નકલ રજુ કરવાની રહેશે.

નાગરીકો દ્વારા માંગેલ માહિતી જો રાષ્ટ્રની અખંડીતતા જોખમાય અને જાહેરહિતને નુકશાન કરતા હોય તથા ગુનેગારોની તપાસ અથવા ધડપકડ અથવા તેમની સામેની ફોજદારી કાર્યવાહીની પ્રક્રિયામાં અવરોધ ઉભો કરે તેવી અથવા કોઇ વ્યક્તિની જીંદગી અથવા શારીરિક સલામતીને જોખમમાં મુકે અથવા ખામી રાહે મળેલ હોય અથવા સ્ત્રોત ઓળખી બતાવે તેવી કોઇ માહિતી પુરી પાડવામાં આવશે નહીં.